અપીલ અરજી નં.૨૪૫ તા.૪–૧૧–૦૯ /૧૦

અરજદારઃ શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૬–૮–૦૯ નીઅરજીથી સંબંધિત વિભાગ પાસે તા.૨૩–૭–૦૯ આઈડી નં.૪૩૪ થી માહિતી માંગેલ તે માહિતી જે આપવામાં આવી તેના પરથી અમને એવુ લાગે છે કે ભારત સરકાર તરફથી તમને પરવાનગી આપી નથી તે જણાય છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૪–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૪૫/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૬–૮–૦૯ ની અરજીથી સંબંધિત વિભાગ પાસે તા.૨૩–૭–૦૯ આઈડી નં.૪૩૪ થી માહિતી માંગેલ તે માહિતી જે આપવામાં આવી તેના પરથી અમને એવુ લાગે છે કે ભારત સરકાર તરફથી તમને પરવાનગી આપી નથી તેમ જણાય છે તેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આ.૮૪૯ તા.૨૩–૯–૦૯ તથા પત્ર નં.૯૫૬ તા.૧૨–૧૦–૦૯ થી આપેલ માહિતી સાચી નથી તેમજ સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૪ તા.૧૧–૧૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પુરક વિગત પુરી પાડેલ નથી. જયારે અરજદારને આશરે દિન–૧૩ ના વિલંબથી અપીલ અરજી કરેલ જે અંગે વિલંબના કારણો, વાજબીપણું તથા તા.૨૩–૭–૦૯ ની આઈ.ડી નં.૪૩૪ ની મુળ અરજીની નકલ કે તેના મળેલ પ્રત્યુત્તરની કોઈ વિગતો તેમજ જાહેર માહિતી અધિકારીએ તા.૧૨–૧૦–૦૯ ના પત્રથી નકલ આપ્યા બાદ કઈ બાબતે નારાજગી છે તે અંગે સ્પષ્ટતા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા. ૧૮–૧૧–૦૯ ના પત્ર થી વિલંબ અંગે દિવાળીના નવા વર્ષ બાદ બહારગામ ફરવા ગયા હતા ત્યાંથી ૩–૧૧–૦૯ ના રોજ પરત આવતા તા.૪–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ તેમજ મુળ અરજીની નકલ તથા ફી અંગેની વિગતની નકલ તા.૧૭–૮–૦૯ થી આપેલ માહિતીના પત્રની નકલ, સ .ઝોન/આ.નં.૩૫૫ તા.૨–૭–૦૮ થી આપેલ માહિતી ના પત્રની નકલ તા.૨૬–૮–૦૯ અપીલ અરજી નં.૧૫૮ નો તા.૩૦–૯–૦૯ ના રોજ કરેલ હુકમની નકલ, તબદીલ પત્રની નકલ, નમુના–ઘ ની નકલ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતના તા.૨૬–૧૦–૦૯ ના પત્રની નકલ વિ. પુરક વિગત પુરી પાડેલ છે.

અરજદારે તા.૨૬–૮–૦૯ નીઅરજીથી સંબંધિત વિભાગ પાસે તા.૨૩–૭–૦૯ આઈડી નં.૪૩૪ થી માહિતી માં ગેલ તે માહિતી જે આપવામાં આવી તેના પરથી અમને એવુ લાગે છે કે ભારત સરકાર તરફથી તમને પરવાનગી આપી નથી તે જણાય છે તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ભારત સરકારશ્રીની પરવાનગી બાબતે એટલે કે ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા મીનીસ્ટ્રી ઓફ કોમર્સ ગૃહ ઉદ્યોગ જાહેર કરેલ છે. સર્ટીફીકેટની કોપી મેળવવા ઈચ્છતા હોય તો રૂા.૨/– ફી ભરી મંગાવી શકો છો એવુ પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૮૪૯ તા.૨૩–૯–૦૯ થી જણાવેલ. તથા પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૯૫૬ તા.૧૨–૧૦–૦૯ થી ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા મીનીસ્ટ્રી ઓફ કોમર્સ એ જાહેર કરેલ સર્ટીફીકેટની નકલ પુરી પાડેલ. અરજદારે તા.૪–૧૧–૦૯ થી અપીલ અરજીમાં માં ગેલ માહિતી મુજબ આપવામાં આવેલ માહિતી સાચી નથી તેમજ સંતોષકારક નથી એમ જણાવી મુદ્દા નં. ૨ માં તા.૨૩–૭–૦૯ ના રોજ આઈ.ડી.નં.૪૩૪ થી જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં તા.૨૬–૮–૦૯ આઈડી. નં.૬૦૪ થી જે જવાબ આપેલ તે માહિતી સાચી મળેલ નથી. સી.ઝેડ/આરટીઆઈ/આ./૮૪૯ તા.૨૩–૯–૦૯ થી જી હેન્ડીક્રાફટ ઉદ્યોગની નકલ ફાળવેલ જેના પરથી એવુ સાબિત થતુ નથી કે સુ.મ.પા. જવલનશીલ પદાર્થ (કેમીકલ્સ) ના લાયસન્સBPMC એકટ ૩૭૬(૧) મુજબ આપી શકે. મુદ્દા નં.૩ તા.૪–૧૦–૧૯૮૫ F NO. H.B./33(1)/85-EXP થી જે નકલ સુ.મ.પા.ના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ./૯૫૬ તા.૧૨–૧૦–૦૯ થી ફાળવેલ છે. તે મુજબ સુ.મ.પા. BPMC એકટ ૩૭૬(૧) મુજબ જવલનશીલ પદાર્થ (કેમીકલ્સ) સંગ્રહ/વપરાશના લાયસન્સ આપી શકે. મુદ્દા નં.૪ ભારત સરકાર તરફથી સુ.મ.પા.ને એવુ પ્રમાણપત્ર આપેલ હોય કે જરીગૃહ ઉદ્યોગમાં આવતુ હોય અને સુ.મ.પા. BPMC એકટ ૩૭૬(૧) મુજબ જવલનશીલ પદાર્થ (કેમીકલ) ના લાયસન્સ સંગ્રહ/વપરાશ આપી શકે તેની નકલ ની માંગણી કરેલ છે. નહિં કે ગૃહઉદ્યોગની નકલની માંગણી મુજબની નકલ આપવા એવી રજુઆત કરેલ.

અરજદારે મુળ અરજીમાં સંદર્ભ કરેલ આઈ.ડી નં.૪૩૪ થી 'જરીઉદ્યોગ'' અંગેના જાહેરનામાની નકલ માંગેલ અપીલ હેઠળની અરજીથી તે અંગેની પરવાનગી આપી નથી માહિતી આપો તેવું જણાવી અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા ગૃહઉદ્યોગના જાહેરનામાની નકલ આપેલ છે. અરજદાર સ્વયં માહિતી અંગે સ્પષ્ટ નથી ''એવું લાગે છે પરવાનગી નથી'' તે વિધાન સ્વરૂપ જણાય છે તે જોતાં તેમાં કોઈ સ્પષ્ટ માહિતી માંગ્યાનું ફલીત થતું નથી.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૮–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.અરજદારે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા મુદૃા નં.ર થી ૪ ની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલગ અરજી લાગત જાહેર માહિતી અધિકારીને કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૯.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન.દેસાઈ